# મોટીવેશનલ કાર્યક્રમ

**તા. ૮/૪/૨૫ : વકતા : ડૉ. આઇ. કે. અન્સારી (આચાર્ય, ખરોડ બી.એડ્. કોલેજ)** સમાજને શિક્ષકો પાસે ઘણી બધી અપેક્ષાઓ હોય છે. જેમાંથી એક અપેક્ષા છે - શિક્ષક સારો સંશોધક હોવો જોઇએ. શાળાનાં શિક્ષકોને ક્રિયાત્મક સંશોધન વિશે પૂરતું માર્ગદર્શન મળી રહે તે માટે મોટીવેશનલ કાર્યક્રમ યોજાયો. જે અંતર્ગત ડૉ. આઇ. કે. અન્સારી સાહેબે રીસર્ચ એટલે શું? તેના પ્રકારો, રિસર્ચના અલગ-અલગ સાત સોપાનોની વિગતવાર ચર્ચા કરવામાં આવી. જે થકી શાળાનાં શિક્ષકોનાં ૧૮મા જ્ઞાનસત્રનાં ક્રિયાત્મક સંશોધન વિષય પરત્વે ખૂબ સારું માર્ગદર્શન મળ્યું હતું.






**તા. ૩૧/૭/૨૫ : વકતા : મા.શ્રી મહેશભાઇ પટેલ (ડાયરેકટરશ્રી, વિદ્યાસંકુલ વિદ્યાદીપ યુનિર્વસીટી, શ્રી પૂર્વ FRC સમિતિ સભ્યશ્રી, સુરત) :** આ કાર્યક્રમમાં વકતા મા. શ્રી મહેશભાઇ પટેલે શિક્ષણકાર્ય દરમિયાન પોતે કરેલ નવતર પ્રયોગોને વર્ણવી શાળાનાં શિક્ષકોને એક સાચી દિશા આપવાનો પ્રયત્ન કર્યો છે. તેમણે અનેક નવતર પ્રયોગો કર્યા છે. અને બાળકનાં મન, હ્રદય સુધી પહોંચવાનું કાર્ય કરે છે. તેઓશ્રી સાચા અર્થમાં વિદ્યાર્થીઓનું સર્વાંગી જીવન ઘડતર કરી રહ્યાં છે. તેમણે પોતાના અનુભવોને રજૂ કરતાં જણાવ્યું કે શિક્ષકો સૂરજ સમાન છે અને વિદ્યાર્થીઓ તેના તેજથી પ્રકાશિત થાય છે. બાળકનાં જન્મ બાદ તેનું સુયોગ્ય ઘડતર કરવાનું કપરું કાર્ય શિક્ષકોએ કરવાનું છે. તેમણે કહ્યું કે, કામથી કયારેય ભાગશો નહી. તકને ઝડપી લો, આપણે કર્મયોગી બની કાયમ શીખતા રહેવાનું છે.





**તા. ૩૦/૮/૨૫ :** શાળાનાં શિક્ષકો દ્વારા **વિદ્યાદીપ યુનિર્વસિટી, કીમ (જિ.સુરત) ની શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી. યુનિર્વસિટીનાં ટ્રસ્ટી મા.શ્રી જયંતિભાઇ એસ. પટેલ સાહેબે** અમને રૂબરૂ મુલાકાત આપી ખૂબ સારો આવકાર આપ્યો હતો. **યુનિ. નાં ચીફ ચાન્સેલર માન.શ્રી ડૉ. વિપુલ શાસ્ત્રી સાહેબે** અમારા આગમનને આવકારી અમને યુનિ. માં ચાલતાં વિવિધ અભ્યાસક્રમો, તેનું ઇન્ફ્રાસ્ટ્રકચર, તેની સુવિધાએ, ટ્રાન્સપોર્ટ, ત્યાંની હોસ્ટેલ વગેરેની પ્રાથમિક માહિતી આપી હતી. ચા - નાસ્તો કરાવ્યા બાદ યુર્નિવસિટીમાં આવેલી ૧૩ જેટલી લેબો જેમ કે, કમ્પ્યુટર લેબ, ઇલેકટ્રીકલ લેબ, ઇલેકટ્રોનિકસ લેબ, મિકેનિકલ એન્જિનીયરીંગ વર્કશોપ, ફીઝીકસ લેબ, કેમેસ્ટ્રીલેબ, બાયોલોજી લેબ, હોમિયોપેથી ફાર્મસી, નર્સિંગ વગેરેની મુલાકાત કરાવી હતી. જે તે વિભાગનાં લેબ ઇન્ચાર્જ દ્વારા અમને ખૂબ જ રસપ્રદ અને ઊંડાણપૂર્વક લેબની માહિતી આપવામાં આવી હતી. બપોરનું ભોજન લીધા બાદ અરસ-પરસ અભિવાદન કરી અમે છૂટાં પડયાં હતાં. આ શૈક્ષણિક પ્રવાસથી શિક્ષકોને ઘણું નવું જાણવાનું મળ્યું હતું. વિદ્યાદીપ યુર્નિવસિટીની મુલાકાત શિક્ષકો માટે ચિરસ્મરણીય બની રહી.





**વિદ્યાર્થીઓમાં વિચારવાની શકિત વિકસે તે સાચું શિક્ષણ**